સુધારા તથા વધારા સાથે.

જમાનાનો જલસો.

—⟶○○⟵—

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર

જોશી જયરામ રવજી ભાગવીયા

કચ્છ માંડવીવાળા

ઠે૦ શેઠ ધરમશિ ભવાનજી ઉનવાળાના માળામાં

ઠાંઠાવાડી મુંબઈ.

—⟶✦✦⟵—

આવૃતી ૧ લી   પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૪. સને ૧૯૧૮.

કીંમત ચાર આના.

મેં વિજય પ્રેસ પાયધુની નં. ૫૭૨, મુંબઈમાં

હરજીવન ભગવાને છાપી.

જમાનાનો જલસો.

દીવાળીનો દીવો.

યાને

ગ્રાંટ રોડની મુશાફરી ખ્યાલ ૧.

અફસોસ અરે અફસોસ બંધુઓ, કુદરતની છે બલિહારી;
સો[illegible]ના પરિણામ બળે, આ જગત વિષે થઇ છે ખ્વારી.
કારણ પુછો કોઇ અમોને, ખુલ્લિ વાત મુખે કહીશું;
કુમાર્ગમાં કોઈ વિચરનારના, સાથી બનવા નહિં દઈશું.
ખ્યાલ કરો કોઇ નજર કરો, આ દુઃખરૂપી કેવી દુનિયા;
ધર્મ પત્નિઓ રખડાવી, વેશ્યા નિવાસમાં જઇ વસીયા.
ખમીસ જાકિટ બુટ કોલરો, સાઇકલ કેપ શિરે ધારી;
સેંટ લવંડર ગુલાબ છાંટયું, સુગંધમાં પણ હદ વાળી.
[illegible] શેઠીયા વિષય નગરના, મુશાફરી કરવા ચાલ્યા;
[illegible] ત્રણ નાખી ખીસામાં, મુછ મરડતાં મેં ભાળ્યા.
આના ચાર તણી ગાડીમાં, ગ્રાંટરોડ પર જઈ અટકયા;

ખાધું ખરચ્યું પીલહાઉસમાં ને, પછી નાટકોમાં સટકયા.
બે રૂપિઆની ટિકીટ લઇને, થીયેટરોમાં કેદ પડયા;
વાટ જુવે છે ઘરવાલી અહિં, નાટકના ખેલોજ નડયા.
છતાં હજુનો ગરમ ખિસાનો, પૂરો દાટ વળ્યોજ નહિં;
ગુણીકા નૃત્ય વિષે જઇ બેઠાં, શરમ મુલતવી ત્યાંજ રહી.
બહોત દિવસકા બડા પ્યારથા, મુઝે નિંદ નહિં આતિથી;
બાત પ્યારકી બહુત કઠીન હય, વો ચીજાં મેં ગાતીથી.
શેઠ કહે અએ પ્યારિજાન, અબ ગાના કુછ સુનવાતિ હય;
દિલ ખુશ કર યહ આશકકા, કયા મજા પવનકી આતિ હય.
ગજલ ઠુમરી તાલ દાદરા, બલા દૂર ભૈરવીચોકી;
સારંગી તબલા બજતી હય, પ્યારિ બનગઈ આશકકી.
બે ગીનીનો ખર્ચ કરીને, પછી એવા નર પસ્તાયા;
પીત્રુ તર્પણ કર્યું પ્રેમથી, શોકીન જનમાં પંકાયા.
ગયા શ્રાધમાં કસર હતીતે, પૂર્ણ કરી અહિંયાં પ્રિતે;
માનવ જન્મ તણુ સાર્થક સૌ, થયું આજ સૌ એ રીતે.
ચરણ વગરના હાથ વિનાના, અપંગ પણ છે કૈ દુખીયા;
સિંગલ પૈ પણ અપાય નહીં ને, થવું અમોને છે સુખીયા
ઘરો તુટસે ચોર લુંટશે, અગર મૂળ વ્યાધિ થાશે;
એમાંથી ફળ એજ થવાના, નહિંતો કાલ તુરત ખાશે.
ભવસાગરમાંથી તરવાનો, ઉપાય યત્ન કરી શોધો;
વ્યર્થ કાર્યમાં વખત ગુમાવો, શું કરવી તેની નોંધો.
જગદીશ પલકમાં અરે બંધવા, તેનો તું કંઇ વિચાર કર;

કિર્તિ અમર કરી લે જગમાં, પ્રભુ નામ લઇને તું તર.
ઉસ્તાદોંકી યેહી ફર્જ સબ, કરકે અદ્દાહુમ દિખલાતે;
યેહી બાંચનેસે જીવોંકે, પાપ સબહિં યું કટ જાતે.
રહને વાલે કચ્છ પ્રાંતકે, શહર માંડવી બાજત હય;
ભાગલીયોકી પીછાન રખના, હરી કૃપા હો જાતિ હય.

વખતનો વરઘોડો.

યાને

શરાબ વિષે ખ્યાલ. ૨.

શરાબજેવી ખરાબ વસ્તુ, નવ દીઠી જગમાં ક્યાંહી;
વાઇન બાટલી વિશે વર્ણવું, ધ્યાન કરો હિંદુભાઇ.
શિવ શિવ આ શું થયું અરે રે, ગ્લાસ ભરી પીવા માંડયા;
સ્વર્ગ તણું સુખ તજી પૂર્વજો, હાહાકાર કરવા લાગ્યા.
દશા થાય છે પીનારાની, કથન કરૂં તે સાંભળીએ;
વાટ ઘાટમાં પડયા કદીતો, ઓચિંતા એથી મરિએ.
શીવાય હમસે બડા અભીતક, પયદા જગમે હુવા નહિં;
પહેલવાન પીછે હટ જાવે કદર કરો સર્જન તુમહિં.
પહેરન ધોતી ઔર દુપટ્ટા, ફેંટા ભી બરબાદ ગયા.
કીસમતમે ક્યા લીખા હમારે, ખીસેમેં દમડી ન રહા.

અગોબાઈ હુઆ કોઠુન આલા, હાતાત કાઠી ઘેવુનશી;
ધકડે તિકડે બઘત રાહિલી, ઉઠ્ઠ ઘાતલી ડોકીશી.
વ્યસનોથી વાકેફ થયેલી, ગુજરાતન કહેવા લાગી;
એમ પીટીયા કંઇ દિવસ ફર્યા છે, નફ્ટ નિરંકુશ જા ભાગી.
આ વખતે કોઇ હોત બીજો તો, યથા યોગ્ય સુખ દેખાડું;
પતિ શબ્દ એ મહા તિવ્ર છે, ભવ આખું હુ કયાં બાળું.
આ સબંધમાં આજ પછી જો, અવાજ કંઇ કાને પડશે;
દેખાડી હું દઈશ ખરેખર, વચન કદાપી નાં ટળશે.
ઓંમાં ઓમાં મૂક અલી, કહીનં બૈરીનાં હાથ ધર્યા;
બની દિગંબર નૃત્ય આદર્યું, સ્વાદ અહુણુ કેવોજ કર્યો.
ધર્મ ગરૂની સોગંન ખાધી, કાશીમાં જઇને નાહ્યા;
છતાં પાપ કંઇ ના ધોવાયું, અંતરમાં બહુ પસ્તાયા.
ઉલટી સુલટી રીત આદરી, ફજીત ફેનસીએ કીધાં;
લાજ ગુમાવી સર્વ જગોએ, ફળ એમાંથી એ લીધાં.
પૂર્ણ ખ્યાલ સૌ થયો અમારો, ઇનામ દેવા યત્ન કરો;
પ્રસાદ છે આ ગરૂ કૃપાનો, ઉમેદ સૌ મનમાંજ ધરો.
આ પ્રયોગના પચાસ કાગળ, દેસાવર લઇ મોકલશે;
તે જીવોને ટુંક મુદ્દતમાં, સંતતિનું સુખ પ્રાપ્ત થશે.
કલકત્તા દિલ્હિ લખનૌ, પંજાબ મુલ્ક દેખા સારા;
અમદાવાદ બડોદા સુરત, કોકણુભી સબસેં ન્યારા.
કચ્છમાંડવી છોડ દઇ, અબ બંબઇ શહર બસાયા હય;
ઉસ્તાદ ગુરૂ જમીયતકા ચેલા, વોહી બનાને વાલા હય.

કલજુગનો મહીમા

યાને

ચાલુ જમાના વિષે ખ્યાલ. ૩

કલજુગ આવ્યો ખરેખરો, ચેતીને ચાલો સૌ ભાઇ;
ધર્મ બીચારો થયો પાંગળો, ડહાપણ સૌ દમડા માંહીં.

દાંત વિનાનાં ચડે ઘોડલે, જુવાન ઘર ઘર ભટકે છે,
રાંડ રૂપાળી ખરે બપોરે, સાધન કરવા સટકે છે.

માત પીતાનું કહ્યું ન માને, પૂત કપૂત કહાવે છે;
આવું છું આવું છું કહિને, મશ્કરિમાંજ ઉડાવે છે.

પચાસ બીડી પીએ પીતાતો, દશ નક્કિ પુત્રો પીશે;
છેવટ ગાડું પંદર પરથી, અઢાર થઇ આવે વીશે.

દુર્બળ અંતઃકરણ છે જેનું, વ્યસનોમાંજ રહે વધતાં;
સ્ત્રીઓ સેવવા પરપતિ લાગી, એજ પાપ અહિયાં નડતાં

સ્ટેન્ડર બાર થયાની કેડે, પુરૂષ રખડવા જે જાશે;
તુર્તજ ઘૃતની બરણી ખોલી, બીલ્લી ઘી ચાટી જાશે.

સ્ત્રીનો વાંક ગણો છો શાનો, ઉંઘેલી તે શું જાણે;
શેઠ દુકાને હોય નહિંતો, ચાકર મોજ સુખે માણે.

નાશીકકર નાગોબ્મા આલે, ભટ્ટ મહા વિદ્વાન ધરી;
બસાવયાલા આસન દિલે, શાસ્ત્ર મ્હણાવે કાય તરી.
દ્રષ્ટિસ પડલી તંબાકું, મગ વૃત્તિ ગેલી ત્યાજ વરી;
મહારાજાંચી ધીર સૂટલી, વાસ્તવિક હી ગોષ્ટ ખરી.
હી શેઠાણી સુરેખ આહે, જર મીળેલ તર ફાર બરેં;
પંતોજીચી મરજી ઝાલી, મૂર્ખ જગતલા કાય કળે.
ધુર્ત પ્રમાદી પ્રગટ બળદીઆ, કહ્યું તેમનું શું કરવું;
ભીતર હોય કદી જો ચોખ્ખા, ધ્યાન સુખે તેનું ધરવું.
મુકેઝ મુંઝી ખબર નતીપય, આંઉં તવાંકે કુઇ ચ્વાંતો;
ઉથી સવારો વિછાણમ્યાંથી, માની સાગ શીરાંઈ આંતો.
ગાયત્રાઝી ઉપાસના પણ, નાઇધોઇને કો કરીઉ;
લડું ઝિલેબી ખાઝા ઘેવર, માલ મલીદા કો છડીઉં.
સત જુગ ત્રેતા દ્વાપરમાં ફળ, જે મળતું તપ આદિથી;
તે આ જુગમાં તુર્ત મલે છે, ફકત પ્રભુ ભજનાદીથી.
દિલોજાન સબ દોસ્ત હમારે, સુનો સુનો અબ યહ બાતા;
કરની વૈસી ભરની ઇસમે, ઇશ્વરકાભી કયા જાતા.
ખ્યાલ બનાકે હમ દિખલાતે, સંત પુરૂષ વો જાનતહય;
જયરામ કવી ભાગલીઆ ઘાંપર, એસી મૌજ ઉડાતે હય.

લફંડકા લડ્ડુ

યાને

પરણેલાનો પસ્તાવો. ખ્યાલ. ૪

પ્રથમ કુંવારો કહેતો તો કે, પરણેલા સુખ માંણે છે;
પરણ્યા બાદ હકીકત થઇતે, પોતે જુવો વખાણે છે.
ગ્રહસ્થ કહે છે મહારાજ આ, ગાડું તો બહુ છે મ્હોટું;
રોજ ઉઠીને રાંડ સતાવે, પૈસા ખાતર તે ખોટું.
ત્રીસ રૂપૈયા પગાર તેમાં, સાત ભર્યું ઘરનું ભાડું;
પાકીટ ખર્ચ તણા દશ કાઢી, નક્કિ તેર ગણી વારૂં.
દાણા વાળો શીવજી આવ્યો, રૂપીયા દશ તેને જાશે;
બાકીના ત્રણ રહ્યા તેમાંથી, દાગીના કયાંથી થાશે.
જુવાન બૈરી કહે છે એવું, શામાટે પરણ્યા વારૂં;
ઓળખતા મુજને શું નહોતા, નામ છબીલી છે મારૂં
ફક્ત લોહીની હું ભુખી છું, બીજું કામ નથી મારે;
કશબી સાડી નહિ લાવો તો, આ ઉઠી ચાલી બહારે.
અરે ગધેડી વિચાર કરતું, છાયલનાં તો છે વાંધા;
હું ધોતી પહેરૂં છું તેમાં, જુવો કેટલા છે સાંધા.

સ્વામીનાથ તમે સાચા છો, સૈયર મારી પહેરે છે;
જુઓ ધણી એનો છે કેવો, ચાર બળદને ખેડે છે.
છતાં રોજનાં દસ દસ રૂપીયા, બુઠ્ઠો નિત્ય કમાવે છે;
ઘર બેઠાં બૈરીને કેવા, ઉત્તમ લાડ લડાવે છે.
દેખ્યું કંઇજ નથી મેં કયાં પણ, ટીકીટ કહો છો તે કેવી;
નાટક જોવા જૈશ આજ હું, નહિં તો લાજ નથી રહેવી.
માંડ માંડ હું ઘરમાં આવ્યો, ભૂખ કકડતી છે લાગી;
રાંધ્યું સીધ્યું કંઇજ નથી ને, સતાવતી છે આ નાગી.
બેચર કહે છે જુવો બાપજી, દેવો મુજને મારે છે;
સમજાવી સમજાવી થાક્યો, છતાં બૂમ એ પાડે છે.
ખાવું પીવું રહ્યું બાજુએ, કવરાવે છે સૌ ઘરમાં;
આ દુ:ખથી તો મરવું સારૂં, કુવો આપણા છે થડમાં.
જુવો ભાઇ આ ગ્રહસ્થાશ્રમને, લક્કડના લાડુ જેવો;
ખાધા તેતો પસ્તાયાને, અણસમજુ કહે છે કેવો.
પરમારથમાં પેસો દેતાં, કેવો હાથ ધ્રુજાવે છે;
ફક્ત એક નખરાની અંદર, રૂપીઓ રાંડ પડાવે છે.
ગુરૂ ચરનકા ધ્યાન લગાકે, બેઠત હું નીજ આસનપે;
કીંવાર ખુલજાતે ભીતર કે, પ્રકાશ હોતા હય પલમેં.
દર્શનકી અભીલાશ પુર્ણ, કર કે ચરનોમેં પડતે હય;
જયરામ કવીકું હુકમ ભયાસો, પ્રગટ જગતમેં કરતે હય.

પ્રકાશિત મણી.

યાને

પરમારથ બોધ—ખ્યાલ. ૫

પરમારથ સમ પુન્ય કયું છે, બતાવનારો છે કોઈ;
દાતારો બહુ દાન કરે છે, કૃપણ બળે છે તે જોઈ.
ખાઓ પીઓને પહેરો ઓઢો, એતો રીત ઘણી સારી;
વ્યસનોમાં જે વખત જાય છે, ફક્ત એટલી છે ખ્વારી,
કોઇ પીયે છે ચરસ ચીલમમાં કોઈ પીયે સુકો ગાંજો;
કોઈ પીયે છે બીડી બલમાં, બીજું હું કહેતાં લાજયો.
કઈક દીઠાં મેં અવાજ કરતાં, પીયો પીયો ગાંજેકી કલી;
જો નહિં પીવે યહ ગાંજા વો, લડકેસેં લડકીજ ભલી.
કૈસી મજા અલી આતી હુય, કરકે નીશા કબહું દેખો;
બડા સ્વાદ આતા હુય ઇસમેં, ગયું જનમ સુધરી લેખો.
પોત પોતાની નાત વધારે, તમો પડો છો કાં તેમાં;
ખાંસી દમ બલકે બહુ રોગો, પ્રગટ રહેલા છે જેમાં.
પરમારથને કાજ શંકરે, ઝેર હલાહલ છે પીધું;
પરમારથ પર પ્રીત હતી તો, દધિચિયે અસ્તિ દીધું.
રાજા કરણ સમો કોઈ દાતા, થયો નથી કોઇ નવ થાશે;
વિક્રમ આદી થયાં રાજવી, પ્રગટ થશે તે પરખાશે.

આંબો વડ પીંપળ આદી સૌ, વૃક્ષ બનાવ્યા શું કરવા;
વટે માર્ગુ ઓ શ્રમિત થાય તો, થાક દૂર તેના કરવા.
ઇશ્વરનો ઉપકાર વર્ણવી, મહંત પણ શકતાજ નથી;
તો હું પામર અલ્પ જીવ તે, કહી શકું શું આ મુખથી.
સમુદ્ર મંથન સમય પ્રભુએ, કમઠ રૂપ ધારણ કરીયું;
મત્સ્ય બન્યા મોહનજી પોતે, રૂષી નાવ માથે ધરીયું.
મુરલીધરનો મહિમાં મોટો, ગોવિંદ થઇ ગાયો ચારી;
મુષ્ટિક ચાણુર મલ્લ હરાવી, મામો પણ નાખ્યો મારી.
સીતા રામ અને લક્ષ્મણજી, ચૌદ વરસ વનમાં રહિને;
અનેક દળ રાક્ષસનાં માર્યા, લંકા હાથ કરિ જઇને.
રાજ્ય વિભિષણને ત્યાં દિધું, હનુમાન શીર હાથ ધર્યો;
અવધપુરીમાં આનંદ વર્ત્યો, પરમારથ પરકાશ કર્યો.
આ કવિતાનો પાઠ નિરંતર, શ્રદ્ધાથી કરશે મનમાં;
પૂર્વ જન્મના પાપ મટાડી, પ્રખ્યાતી પામે જનમાં.
ચૌદાસેં ચાળીસ ગાંવમેં, મુખ્ય શહર મસ્કા મંડી;
નલિયા ઔર કુઠારા મુંદ્રા. મઉકી હવા બડી ઠંડી.
સ્વારી દેખન ચલો સાથમેં, શ્રી ભુજ નગર બડા બંકા;
મહારાવ ખેંગાર સવાઇ, બહાદુરકા બાજત ડંકા.
બહુત મુલક હમ ધુંમત ધુંમત, યહાંપર સ્થાન જમાયા હય;
શીવ પ્રસાદ સુત ઈષ્ટ ગુરૂ, જમિયતકા ધ્યાન લગાયા હય.

૫૪૫૨

ફેશનેબલનો ફજીતો.

યાને

અમથા કાકા એન્ડ ભોળી ભત્રીજીનો સંવાદ—કવાલી. ૬

મારાસમ જઈશમાં આધી, શ્રવણ કર વાત આ થોડી;
કયા કુળમાં પ્રગટ થઈ છો, જરા સમઝાવને છોડી. મારાસમ.
પુછો છો શું અરે કાકા, અમારા છે અહો વાંકા;
પીતા પરખાય કે રીતે, માતા નામે મદન ગૌરી. મારાસમ.
દેખા દેખી થવા લાગી, પુરાતન રીત ગઇ ભાગી;
અરધ પલ્લવ રહે ખુલ્લા, એવી અમને ગમે ચોળી. મારાસમ.
ગોકુળમાંની હતી ગોપી, શીખી ભરવા હવે ટોપી;
જરી હાટે જવા લાગી, બંદલ નાંખ્યા બધા તોડી. મારાસમ.
એતો જાહેર થઇ ચુકયું, ગળાશે કેમ આ શું કર્યું;
પરિણામો થશે કેવા, હવે કહું છું બધું ફોડી. મારાસમ.
મુકી તેં ઘાઘરો દિધો, નટીનો વેશ પણ લીધો;
હજી કંઇ હોય જો બાકી, કસર રાખીશમાં પોરી. મારાસમ.
દિવસ આવ્યા બહુ વસમાં, સુવર્ણેથી મઢો ચશ્મા;
વિલાતી બુટ પહેરીને, હવામાં જઈશ હું પોઢી. મારાસમ.
રૂપાળી છે બહુ ભારે, દેખી સૌ કાંકરા મારે;
ભુલેશ્વરના લત્તામાંથી, અહી તું જાય છે દોડી. મારાસમ.
સબુરકર અયે બાગીવાલા, કહાંતક જાયગા લાલા;
દુ પૈસેકા લીયા ચીનડા, મગર દેખી નહિ ગોળી. મારાસમ.

થવાની ચાહ્યે છે કયારે, જવું હાફીસમાં મારે;
અલ્યા રામા જરા જોની, હંકારી કયાં ગઈ ઘોડી. મારાસમ.
વિચારીને જરા બોલો, આંખો બેઠાં તમો ચોળો;
તપાસીને જુવો વારૂ, મળે છે કયાં સવાકોરી. મારાસમ.
ડરીને તો જરા ચાલો, વચન સૌ વેદનાં પાળો;
કહે જયરામ આખરતો, વિખરવાની જ છે જોડી. મારાસમ.

નં. ૨

શરીરો છે ઘડયાં કેવાં, અજબ કયાંની હશે માટી;
મોટા ઘરની અમો બૈરી, પકાવીશું નહિં બાટી. શરીરો.
રાખી આપો હવે ભટ્ટો, તે પણ જોશે તદન લટ્ઠો;
આપે ત્રણવાર રાંધીને, જમી ઉઠીશ મરડાતી. શરીરો.
ભઇઓ મુજને બહુ ભાવે, ગોકુળ મથુરા થકી આવે;
મને અચરજ બહુ લાગ્યું, ઘણી મજબુત છે લાઠી. શરીરો.
માથાં ત્રણવાર મેં કુટયાં, ત્યારે તો શેઠજી ઉઠ્યા;
દિવસના પણ રહ્યાં ઉંઘે, કરે છે કામ સૌ ઘાટી. શરીરો.
મતારો છે મુવો ભડવો, આસો સુદ આવશે પડવો;
દીવસ દશની મુદતમાંતો એનું નાખીશ હું વાટી. શરીરો.
ભણીશું વેલકમ જ્યારે, બનીશું ફ્રેનસી ત્યારે;
હીંડોળા ખાટ પર બેસી, દઇશું શેઠને લાટી. શરીરો.
ભત્રીજી તું ખરી ભોળી, માગી ખા લે હવે ઝોળી;
કહે જયરામ જોયું કે શીખંડો શું રહ્યા ચાટી. શરીરો.

અરબસ્તાની ચાબુક.

યાને

કન્યા વિક્રય નિષેધક--ખ્યાલ. ૭

જનુની તારી કોણ હતી, કમજાત પ્રગટ થઇ તું ક્યાંથી;
ચાબુક મારો છે કેવો આ, અવાજ સાંભળ કાન વતી.
ફક્ત એક બસ છે તુજને તું, નાનકડી છો તે માટે;
બીજો લાગે એક કદી તો, જવું પડે ગાંધી હાટે.
બીજીની માફક સાહેબ હું, માર નથી ખાવાવાલી;
તેમ છતાં જો ગડબડ કરશો, પસ્તાસો અમથા ખાલી.
લાલચનો છે બાપ જુગારી, બે હજાર રૂપીયા લઇને;
કસાઇને કન્યા આપી છે, જુવો ઘરે તેના જઇને.
નામ તણું કંઇ કામ નથી, આ ખરી વાત કહુ છું તમને;
નહિં તો પીટ્યો વાટ ઘાટમાં, ગાળ દિયે છે તે અમને.
લાલચ મારી બેન પણી છે, એક સમય હું ત્યાં ગઇતી;
નખોદીયો કહેવાને લાગ્યો, રાતે વહુ કોની થઇતી.
લાલચ બેન કશું નવ બોલી, બુટ બુટથી ત્યાં મારી;
છતાં બીચારી હાંડો લઇને, ગઇ ભરવા નળમાં વારી.
પીતાજીએ પૈસા લીધા છે, માટે સંકટ છે આવું;
ખબર પડી મુજને પાછળથી, વાત બધી કહી સમજાવું.

લાલચને ઘરમાં ગોંધીને, બીજી સાથ ગયો ફરવા;
બ્રાન્ડી પી બે હોશ થયોને, હાથ ઘસી લાગ્યો મરવા.
ઉપાય કિધા બેન પણીયે, ન હોત તો બચતે શાનો;
આ ઉપકાર ખરો બૈરીનો, પછી ગમે તેવું માનો.
સાવિત્રિ કહે સ્વામીનાથને, ચાબુક તો તેવી ખાશે;
બાપ કુકર્મી હોય જેમનો, જોવું કંઇ ન પડે વાંસે.
કન્યા દાન કરો છો પોતે, રૂપીયા દાન લેવા માટે;
રૂધીર માંસના વજન પ્રમાણે, સોનું તાળોછો કાંટે.
આર્ય ભુમીનો અંત આજથી, નક્કિ આવ્યો છે સમજો;
દીકરીયોનાં નાણાં લઇને, જુગારીયો સાથે રમજો.
દાબી દુબી ભરો ત્રીજોરી, પછી ફળો તેનાં જોજો;
સટ્ટા પણ રમજો સૌ એમાં, બીજા પણ ઘરનાં ખોજો.
એમાંથી જો બચ્યો કદાપી, રાંડો છે તુજને રડવા;
જો ન સાંપડયો આ પંજામાં, જાદુ મંત્ર જજે પઢવા.
કયા પાપનું આ ફળ છે તે, સમજ સમજ મનમાં ભાઇ;
રૂપીયા ઉપર હાથ ફીરાવો, એજ તમારી મરદાઇ.
પરવા હમ રખતે ન કીશીકી, ઇશ્વર દેતા હય સબકું;
કીડીસેં કુંજર તક દેખો, ચીંતા બડી રહત ઉનકું.
મહેનત કરકે પૈસા લેના, એહી બાત સબસેં અચ્છી;
જયરામ કવી યું કહત ભયેકી, લીખી બાત હમને સચ્ચી.

ફાગણનો ફુલેકો.

યાને

પૈસાની ખુમારી ખ્યાલ. ૮

પૈસા તું તો પરમેશ્વર છે, પગે પડે છે સૌ તારા;
તું હોવાથી માન મળે છે, મુર્ખ છતાં લાગે પ્યારા.
વરઘોડામાં ગયાં અમો ત્યાં, અચરજ એક નવું દિઠું;
ચસમાંનો ચલકાટ હોય તો, માન મલે તેને મીઠું.
ઠાઠ માઠથી છત્રી ચોરે, તેને કહેતું કોઈ નથી;
ગરિબડા ટોપી ગોતે છે, મારી નાખ્યો બૂટવતી.
ફુલ તોરાને ગુલાબ અત્તર, પૈસાં વાળાને દિધાં;
ભૈયો છેડા જુવે સોનાના, ચલે જાવ કહે છે સીધાં.
નાલીયેરની બે જોડી, પૈસાવાળો પામે છે ત્યાં;
ગરિબને કોઇ દાદ ન આપે, માગે તો કહે છે ચલ જા.
વરઘોડાતો ઢોલ અને, વાજીંત્રોથી બહુ ગાજે છે;
પણ એક વાતની ખામી દેખું, તે કારણસર લાજે છે.
જ્ઞાતી બંધુ વાટ જુવે છે, નગર શેઠ છે મતવાલો;
વાડીમાં જમવાને જાશું, શીરો છે અમને વહાલો.
ઘરમાં શેઠ ગયા પરણીને, તંબુ તુર્ત ગયો ત્રુટી;

શીશોતો સુકાઇ ગયોને, અમથા ઢોલ રહ્યા કુટી.
ગોવે કરણી રાંડ નચાવી, પૈસાનું પાણી કીધું;
ઝગ મગાટ ઝુમ્મર પણ બાળ્યા, મુત્ર બળદનું અહિં પીધું.
ધન તારામાં ધુળ પડીને, કમાઇ ગઇ સળગી તારી;
અત્તરની શીશી ઉલટાવી, ગુલાબની કીધી ખ્વારી.
દસ દસ ડબ્બા ઘીનાં કુટે, લાપસડીનાં લાંપ બળે;
મીઠાઇથી મોઢાંજો ભાંગે, શોભા તમને તોજ મળે.
ભાઇબંધના ઘર આખાને, માંડવળાથી માંડીને;
બે ટાણા જમવાને તેડા, નમતી રાખો હાંડીને.
લોકોના પૈસા લઇ લઇને, નામ લખી સૌના રાખ્યા;
આમંત્રણની વાટ જોઇને, દાળ ભાત ઘરનાં ચાખ્યા.
અપકિર્તિ થઇ આખા જગમાં, કયાં સુધી એ રહેવાની;
મોટા એટલા ખોટા, એવી ખુટ મલી ત્યાં કહેવાની.
વચન અમારા શ્રવણ કરિને, ગર્વ કદિ પણ કરશો માં;
એક ઘડીનું બજાર છે આ, જશે કોણ જાણે છે કયાં.
શ્રીમંતો સૌ ગુરૂ કૃપાથી, પત્ર અમારો સાચવશો;
જયરામ કવિને આશા છે, કે અવશ્ય સમ દ્રષ્ટિ કરશો.

સીક્કેદાર સોની.

યાને

આસુરી સંપદા–ખ્યાલ ૯

સરમવગરના સ્વાદ ચાખ તું, દોરંગી આ દુનીયાનો;
બે બાજુથી ઢોલ વગાડે, કઇ રીતે તું તરવાનો.
કવડી કવડી જમા કરીને, પચાસમેં પુરા કીધા;
લુંટારાનો ભય હોવાથી, કાગળીયા સાથે લીધા.
સરાફ મોટો સમજીને મે, વ્યાજ તણી આશા રાખી;
મધનું ટીપું મેળવવામાં, મરી ગઇ પોતે માખી.
જોશીજી જોતીશ જુવોની, નાણા મળશે કે જાશે;
મુકયા ત્યારે કેમ ન પુછયું, મુંઆદેવી છે પાસે.
ચમડી ગઇતો ભલે જવાદો, દમડી નવ ખરચી કયારે;
વઉથી છાના પૈસા ચોરી, લોટામાં રાખ્યા જયારે.
એક દિવસ સાસુડી મારી, મરચાં લેવાને ગઇતી;
ક્રોધભરી ચોરી ને લાવી, હુડહુડ પણ ઘરમાં થઇતી.
બે આના લઇ જાય બજારે, આનો એક બચાવે છે;
છતાં ચોરીયો ખૂબ કરે છે, માટે લોક ડુબાવે છે.
મહારાજ કંઇ કરો તેમનું, આ લક્ષણ શું છે સારાં;
માથું કુટી રડી મરે છે, જતી નથી શ્રીજીદ્વારા.

જુગારીયોની સાથ રમીને, નાણું બહુ ભેગાં કીધાં;
સટ્ટામાંથી મળ્યા પાંચસે, તે પણ મેં સાથે લીધા.

કાતર લઇને ખીસા કાપ્યા, તેની દશ નોટો આવી;
બજારમાં જઇ તાળું ફોડયું, નવી લગાડી નેં ચાવી.

એંક વિષે બુડયા છો માટે, પાટી લઈ ફરજો કરમાં;
બે પૈસાની કરો મજુરી, મીઠાઈ લઇ ખાજો ઘરમાં.

અરધીના કંકુમાં તેંતો, રૂપીયા આઠ જમાવ્યા છે;
નાહ્યા ધોયા વગર કપાળે, જઈને ગંધ લગાવ્યા છે.

ભંગી ઢેડ અમો નવ જાણું, અરધી આપે તે સારો;
ન્યાય ચુકવે છે પરમેશ્વર, નક્કિ આ મનમાં ધારો.

સમજુ લોકો સોચ કરોમાં, નીતી ધર્મ ફરી પાળો;
અધીક તમોને દેશે એથી, પરમ કૃપાળુ છે વહાલો.

શ્રીમંતાકું કયા હય ઇસમેં, ગરીબકી ગરદન મારી;
હરામખોરી કીયા કીશીને, વો દુષ્ટાંકી બલીહારી.

હ્યાં પરસે તુમ મુક્ત ભયે, ઇનસાફ વહાંપર કયાં હોગા;
ઉસકાભી કુછ ખ્યાલ કરો તુમ, કયસા લેકર મેં ભાગા.

જમા ખરચકી બુક બડી હય, બુરાઇ સબ લીખકર લેતા;
ગુનેગાર જૈસા જો હોવે, યોગ્ય દંડ વાંકુ દેતા.

કચ્છ માંડવી ગામ હમારા, ફરવાની હમ હવાંપરકે;
બંબાઇકી બસ્તીમેં આયા, પ્રખ્યાતી અપની કરકે.

મઝેદાર મુરબ્બો.

યાને

પીચકારી મહોત્સવ–ખ્યાલ ૧૦

ભાગ્ય ખુલ્યા છે ભાઇ આપણા, સુદ પુનમની છે હોળી;
ફાગણમાં બહુ મઝા થાય છે, તે પૈકી કહું છું થોડી.

કેક ઠેકાણે ઉલટી સુલટી, પીચકારી બહુ છુટે છે;
કસ કસતી કસબી ચોળીનાં, બંધ બેવડા ત્રુટે છે.

સુંદર કપડા કબાટમાંથી, કામનીએ શોધી કહાડયા;
અલંકારથી યુક્ત થઇને, આગળ પગ ભરવા માંડયા.

હોળી ખેલી આવેલી, ફેરીને લોક કહે છે શું;
વર્ણન વાંચી ઘોર અંધારૂં, ટળી જવા ઇચ્છું છું હું.
કઈ ગોપીને કયો કાન તે, યથા યોગ્ય ઇશ્વર જાણે;
નીયમો સઘળા ત્યાગ કરીને, માથું કુટે છે પાણે.

જગદિશ્વરની પુર્ણ કૃપા, થઇ છે નક્કિ એવું ધારૂં;
નહિંતો સાઠ વરસની કુંડે, પુત્ર અમો કયાંથી ભાળું.

ઇશ્વર જેવા ચરિત્ર અમને, પ્રથમ કરી કોઈ દેખાડો;
પછી આંખ મીચી મુરગાઓ, રાંડ રંગથી ભીંજાડો.

કોમળીયો કમજાત કુકરમી, કને જાય છે શું કરવા;
નીશાન મારે છે તાકીને, પગે ગઇ તેને પડવા.

એ આંખોથી જોઇ રહ્યો છે, પરણ્યો પોતે માટી;
ધોળે દિવસે માંજર આવી, જશે ઠીકરાં સો ચાટી.

લાજ વગરની ઐરી લાગી, હોળીની ગમ્મત જોવા;
બાર માસના પાપ હતા તે, અનુક્રમે લાગી ધોવા.

બુરાનપુરી સેલા અમ્મર, કહો અમો કયાંથી લાવું;
એ હાથે તાળી વાગે તો, લખ્યા પ્રમાણે પહેરાવું.

પડવાની પરસાદીગાં, લોકો સઉ રંગ ઉડાડે છે;
કચરો ગટર તણો ચુંથીને, કપડાં ખુબ બગાડે છે.

કૈક છોકરા બીભત્સની ત્યાં, મોટી ધુમ મચાવે છે;
શરમ વગરની સ્ત્રીયો હોય તે, સાંભળવાને આવે છે.

જા ભાગી કહેતામાં સામે, આવે છે હસતી રમતી;
વિવેકવંતી હોય તેમને, આવી વાત નથી ગમતી.

મુળ ધણીમાં હોય ન મીઠું, બઇરીમાં કયાંથી આવે;
સંખ્યાબંધ જુવો મુંબઇમાં, સ્ત્રીઓ ધણીને ધમકાવે.

પતિ બીચારા કર્મ હીણુ તે, છતાં સ્વભાવે પણ થંડા;
સ્ત્રીઓ તેમની કાં ન કરે, વ્યભિચાર તણા પાછળ ધંધા.

કલજુગમેં યહ પ્રગટ ભયે, દ્વાપરમેં ભી ગોકુલમેં થે;
કૃષ્ણ કનઇયા કહત ભયે જબ, ગૌવનકું ચરવાતે થે.

ગોપી જીતની હુતી વહાંપર, પ્રગટ ભઇ સબ બંબઇમેં;
જયરામ કવીને ખ્યાલ બનાયા, ચતુર સમજ અપને મનમેં.

ધી બૉમ્બે ગ્રેટ.

ન્યુ

હીન્દુ હોટલ્સ લીમીટેડ—ખ્યાલ ૧૧.

દુનીઆમાં આ નવું લાકડું, હોટલનું કયાંથી પેઠું;
ટેબલ ખુરશી પર બેશીને, જમી રહ્યાં છઇએ એઠું.
માત્ર વસ્તુની ટીપ જુઓ તો, સમક્ષમાં છે સુખદાઈ;
પંખો પાવરથી ચાલે છે, ન્યુ ફેશનની રૂશનાઈ.
આજુ બાજુ બે ખુરશીને, વચમાં ટેબલ માંડે છે;
ધન રાશીના હોય તેમને, તુર્ત ત્વરાથી રાંડે છે.
કોપ રકાબી કહ્યાં એટલે, પવિત્રતાની વાતજ શી;
ચારે ધામ કર્યાં છે એણે, તરવેણી તીરથ કાશી.
સેત બંધ રામેશ્વરથી તે, હરદ્વારની હદ સુધી;
જગન્નાથ જમ ખીંડી થઇને, આગલ પર ગઇ છે કુદી.
મુંબઈ બુરી મોજ શોખમાં, નખોદ કાઢયું છે નટવે;
ઘરમાં લોટ નથી ખાવાને, રૂપીઆ બે તેને ખટવે.
હજામ આવ્યો હતો એક ત્યાં, શેઠ કહે ચલજા સાલા;
માંઝા ઉપ્ટા ગલાસ હોતા, ત્યાતચ તું પાની પ્યાલા.
પાણી પીવુન ઘર વિચારણે, કોણ ગાવચા હા ધંધા;
શેઠ હોઉનશી નાહવી બનલા, મુકટ ચાલલા જા સીધા.

શેઠ ધર્મમાં ચુસ્ત હુતા પણ, ઈલાજશું અહીંઆ વારૂ;
તે દાહાડેથી ચાહ પીવાનું, હોટલમાં માંડી વાળ્યું.

કચ્છી માડુ હુતા બે જણા, ખુરશી પર આવી બેઠા;
જબાન પરથી સીદ્ધ થયું કે, વગર દાઢીયે છે પેઠા.

ગરમ કાચ તે સાંધ અમાલા, પાવશેર પુરી આના;
પવે બટાકે પાતલ ભાજી, બે સીંગલ લાવો ચહાના.

પૈસા ચાર હુતા ખીશામાં, બીલ થયું નવ આનાનું;
હોટલ વાલે બટન ઉતાર્યાં, કામ કર્યું પસ્તાવાનું.

મુંબઈ વાલા થયા એટલે, ચાહ વિના તો નવ ચાલે;
બૈરીની બે ગાળો ખાશું, ભલે કરીને તે આલે.

ચલ જાવાદે ફ્રેંન્ચ પુલપર, દોસ્તદારને મળવું છે;
ત્યાર બાદ શંકરના દરશન કરી, તુર્ત અહીં ફરવું છે.

ઘોડા વાળો મનમાં સમજ્યો, શેઠ ગયાછે ફરવાને.
શેઠાણી પણ પહેરી ઓઢી, જુઓ જાયછે ચરવાને;

મરદ લોગભી કૈસે દેખો, છિપકે છિનાલી કરતે હય;
ઓરતભી શીર ઐસી તનાશે, ગલી ગલીમે ગીરતી હય.

માલ પસયા હોય કીસીકા, અપના કરકે માનોગે;
જયરામ કવી યું કહત ભયે, તુમભી વૈશે ફલ પાવોગે.

દિલોજાન દોસ્ત.

યાને

ઇશ્વર પાસે જીવની ફરીયાદ—ખ્યાલ ૧૨.

મનડું કહેછે પ્રભુ કને જઇ, શત્રુ પાંચ સતાવે છે;
મહારાજ કંઇ ઉપાય તેનો, આપ મગજમાં આવે છે.

પ્રથમ જીભને પુછ્યું ત્યારે, રસના શું કહેવા લાગી;
મનને ગમતી વસ્તુ સરવે, મુખથી હું લઉં છું માગી.

એમાં વાંક અમારો શું છે, બીજ બધું એ વાત્રે છે;
તાબેદાર અમો છું એના, એને કોણ સતાવે છે.

શ્રવણેંદ્રીયને કહયું પ્રભુએ, આ ફરીયાદી છે કેવી;
ફરજ બજાવું છું પોતાની, શા માટે તસ્દિ લેવી.

નાક કહે છે સુણો પ્રભુજી, હું તો કંઇ કરતોજ નથી;
જે સ્થલમાં એ જાય અભાગી, દર્શાવું છું શર્વ ગતી.

મનને ભ્રષ્ટ થવાનું કારણ, આંખલડી કહીદે તારૂં;
નહિતો ફોડીસ તુર્ત તમોને, સંશય શું એમાં વારૂં.

મહારાજ મારે શું કરવું, ચંચલ છે એનીજ વૃતી;
દરશાન જઇને નીત્ય કરેતો, મનાઈ મારી કંઈજ નથી.
ત્વચા કહે છે ઉન્મત થઇને, જ્યાં ત્યાં એજ ફીરાવે છે;
જ્ઞાન બતાવું છું હું તેનું, મારી ધૈર્ય મુકાવે છે.

અગ્નિમાં નાખે છે સુજને, બળી મરૂં છું હું પલમાં;
ઘોડા ગાડી તુર્ત ચલાવે, લગામ લેશો જો કરમાં.

બદમાસી મનની છે સરવે, ફુરિયાદી આવ્યો કરવા;
તકસીરવાન ઠરે છે પોતે, આપો ઘડિ એને દળવા.

સખત કેદ નવ માસ તણી, ભોગવવી એમ કહ્યું જડજે;
કર્યા કર્મ સૌ ભોગવ અહિંયાં, પછી ખુશી સાથે ફરજે.

હુકમ અમલમાં લાવ નહિં તો, મળ્યા ભોગ તું જાણ ખરૂં;
પડીશ જઇને ચોરાશીમાં, કદિ ન હું પણ હાથ ધરૂં.

કશી ન પીડા ધરવી એની, સખત દંડ એને દેવો;
ભકિત નીત્ય પ્રભુની કરવી, અન્ય માર્ગને કાં સેવો.

હશે કોણ લાવ્યું અહિં સુજને, મન વિચાર કરવા લાગ્યું
વેઠું છું સંકટ આ સરવે, વાગેલામાં છે વાગ્યું

ભકિતમાં કંઇ ભંગ પડયું છે, પરિણામ તેનાં આવ્યાં;
ભૂલીશ નહિ હું કદી તમોને, વ્યાધીમાં સીદને લાવ્યાં.

ભવસાગરમેં બડા દુઃખ હય, કછુ ન લગતા અબઅચ્છા;
ભાગલીયા યું કહતભયેકી, તુંહીં નાથ સબસે સચ્ચા.

કેત્રી સ્મોકીંગનો કીતાબ.

યાને

તલ્લક બીડી વીષે—કવાલી. ૧૩,

પડી પાછળ જુવો કેત્રી, બીડી બદમાસ આ વારૂં;
તંબાકુના વ્યસનીયોની, પ્રસાદી છે નકી ધારૂં. –ટેક

ભોળા પણમાં ગયુ ફાવી, કોણે તુજને અહીં લાવી;
કર્યાં છે ભ્રસ્ટ તેં અમને, નથી આ કૃત્ય કંઇ સારૂં. –પડી.

વ્યસન કેવું હશે તેની, ખબર અમને પ્રથમ નહોતી;
તપાસીને જદા જોયું, ગયું ચમકી હ્રદય મારૂં–પડી

દીસે આંખો સદા રાતી, ગળુ પણ જાય છે ફાટી;
બળે છે જીભ પણ અમથી, કઢાવ્યું કામ પરબારૂં.–પડી.

ઓળખતો પણ નથી મુજને, ખરૂં કહું છુ અલ્યા તુજને;
ખાંસી દમની બીમારીમાં, જીવન તારૂં બધું ગાળું.–પડી.

નથી કંઈ સ્વાદ પણ સારો, અમસ્તી કાં મુને બાળો;
તદન ગઇ છું હવે હારી, પ્રભુએ શું હશે ધાર્યું.–પડી.

બીડીનો બાપ છે જંગી, તમો તેના થયા સગી;
રહ્યું શું પુછવું બાકી, પીયો પાણી જરા ટાઢું.–પડી.

મધર એની મરાઠણ છે, સગી સીસ્ટર કમાઠણતે;
જમે બેસી બધા ભાણે, તમોએ પણ હશે ભાળ્યું.–પડી.

તપાસો તો પડે નજરે, માટે કહું છું બીડી તજરે;
કવી જયરામના વચનો થકી, પદ મેળવો પ્યારૂં.–પડી.

કવાલી

બીડી અમને બધી વાતે, પીડામાંથી મુકાવે છે,
અમો પીતા નથી જોકે, બગાસાં ખૂબ આવે છે.–ટેક

જરા ધીમાં રહો ભાઈ, કલેજું પણ જશે ખાઇ;
દેખાશે આંખેથી ઝાંખું, ન ગાતા કંઇજ ફાવે છે.–બીડી.

ધુમાડો નીકળે જ્યારે, કહે છે શું મુખે ત્યારે;
બીડી પીનાર પોતાના, બહેનને પણ બગાડે છે.–બીડી.

બીડીનું નામ છે મોટું, ભલે લાગે જરા ખોટું;
શરીર સુધરી જશે ત્યારે, મજા કેવી ઉડાવે છે.–બીડી.

વચન મારા કદી પાળો, બીડીને બુટથી મારો;
કહે જયરામ તો અમને, બડો સંતોષ આવે છે.–બીડી.

જમાનાની જોગણ.

યાને

પરમેશ્વરની પુતલી—કવાલી ૧૪.

વિષય લંપટ થયા લોકો, ઉત્પન્ન દુઃખ પણ થયું ત્યારે;
ન જાણે બેન કે બૈરી, સરિખું સર્વને ભાળે. ટેક૦

સુંદર મુખ રાંડનું દેખી, કરો છો શું રહ્યા શેખી;
રઝડતું કુતરૂં આવે, કદાપી ના નહિ પાડે. વિષય.

જમાનાના અરે લોકો, એમાં શું સ્વાદ છે નોખો;
મુકી દઈ રોટલી ઘરની, મીઠાઇ કાં જમો બહારે. વિષય.

પ્રથમ બહુ લાગશે મીઠી, પછીં ગમશે નહિં દિઠી;
એમાંથી ભુખ નહિં ભાંગે, તેને તજશો તમો કયારે. વિષય.

દશાપણુ થાય છે કેવી, મુખે કહી ના શકું તેવી;
દુકાને લાગશે તાળા, નોટીસો આવશે જયારે. વિષય.

રમે છે રંગ પણ રાતે, ચાવે છે ગાલને દાંતે;
ભરાયું પેટ શું તેથી, પોતીકું ધર્મ કાં હારે. વિષય.

જુવે છે પુત્ર આ નીતી, વગાડે છે મુખે સીટી;
તેને કહો છો અલ્યા ચુપકર, પેઠી એકવિશને તારે. વિષય.

બૈરી વિધવા તુરત થાશે, નાણા સૌ કુતરા ખાશે;
નરકનું દ્વાર છે 'ખુલ્લુ', થશો દુઃખીયા બહુ ભારે. વિષય.

તમારો ત્યાં ગુન્હો ઠરશે, કઢાઇ તેલની ચડશે;
તળે છે જેમ ભજીયાને, તેવી રીતે તુને બાળે. વિષય.
નથી કુછ બા તણું ખેતર, સમજ મનમાં અરે મીંતર;
કહે જયરામ ઓ મૂરખ, જતો ના રાંડને દ્વારે. વિષય.

(દાસપરે દયા લાવો)એ રાગ. ૨

જોઇ રૂપાળી તું નારીરે, મોહિસમાં પ્યારા જોઇ રૂપાળી તું નારી.
હોઠ લાલને ગાલ ગુલાબી, પગમાં પહેરે કડલાં કાંબી;
વાડયું નખોદ ઝાંઝરના, ઝમકારે ભારિરે. મોહિસમાં.
આંખો બે એની અણીયાળી, જગત લોક વસ છે કરનારી;
ભ્રકુટી બાણ સખા તુજ માટે, રહી છે ધારિરે. મોહિસમાં.
પીન પયોધર જો પરખાયા, મર્દ મુછાળા કૈ લલચાયા;
એ ચંડાલણીયે જન કૈક, નંખાવ્યા મારિરે. મોહિસમાં.
વિસનખી વસમી છે ભારે, વજ્ર હોય તેને પણ ગાળે;
વગર મોતથી મરી, જવાની પાળિરે. મોહિસમાં.
પ્રથમ પરિનું રૂપ બતાવે, હિંમ્મત છેવટ સર્વ હઠાવે;
નથી એ અચલ તમારી, ભાઇઓ પ્યારિરે. મોહિસમાં.
જયરામ જગતને કહિ સમઝાવે, માનવ દેહ ફરી નહિ આવે;
પડેલા જનો તણી થઇ છે, ખ્વારિ ખ્વારિરે. મોહિસમાં.

પતિ સેવાની પદ્ધતિ.

યાને

સ્રીઓનું કર્ત્તવ્ય ૧૫.

રાગ પુનમ ચાંદનીનો ગરબો.

બેની માત પીતાએ, સોંપ્યો તેજ ધણી ખરોરે;
બીજા બધા જાણવા, પુરૂષો તે પાશાણ;
સહીયર પતી એજ પરમેશ્વર, છે સંસારમાંરે.

શાખી

વશ તેને વર્તિ રહો,સાચો એજ ઉપાય;
ધારણ આ વ્રતને કરે, તે શાણી કહેવાય;
કારણ વગર જવું નહીં, બહાર કદી ઘરમાં થકીરે;
એથી ઘટે આપણો, માન અને મરજાદ—સહીયર.

કામકાજ ઘરના સહુ, કરવા તુર્ત તમામ;
દરિદ્રતા નવ રાખવી, સુફળ થશે સૌ કામ;
કુટલા સ્રીની સાથે, વાતવિગત કરવી નહિરે;
બકવું નહિ છીદ્ર, ઘરમાનું તે પણ ક્યાંય.—સહીયર.

ધર્મ પતિએ ઉઠવું, ઉદય થતાંની વાર;
જળ ઉનું મુકયા પછી, સ્વચ્છ કરો ઘરબાર;

હુજર રહી સમયસર, નવરાવો શુભ રીતથીરે,
કરવી સામગ્રી, પુજાની સહુ તૈયાર. સહીયર.

ભાત ભાતના ભોજનો, સમય સમય અનુસાર,
વિવિધ રચેલા રાયતા, દહિં દુધ ઘૃત સાર;
પીરસો પાપડ ભજીયા, વડા તળેલા તેલથીરે,
કેરી લીંબુ હળદી, ગુંદા ગરમર સાર—સહીયર.

પીરસો બેસી પાસમાં, કલેશ કરો સૌ દુર,
એ રીતે જે વર્તશે, બેન ખરી બહાદુર;
બીડા પાન સોપારી, દે પંખો કરમાં ધરીરે;
પ્રીતે પવન કરેતો, પતિ પ્રસન્નજ થાય—સહીયર.

પતિ સેવાની પદ્ધતિ, પ્રગટ કરી આધાર,
પ્રીતે વાંચે પ્રેમદા, તો સુધરે સંસાર;
માટે કૃપા કરીને વાંચો, જનુની પ્રીતથીરે;
એવા સત્ય વચન શુભ, કથન કરે જયરામ—સહીયર.

છક્કો પંજો.

યાને

જુગાર વીષે ખ્યાલ. ૧૬

ઉપ્ટમાર કોઇ ચાર જણા, મનમાં વિચાર કરવા લાગ્યા;
દિવસ છુટીનો ઠીક આજ છે, સ્ટેન્ડર દસ તો છે વાગ્યા.

કેમ દોસ્ત કંઇ હોય ખીસામાં, તો જુગારૂ આપણ રમિયે;
વગર મફતનાં શું બેઠા છો, હોટલમાં ચાલો જમિયે.

બટનલાલ કહે બસો રૂપૈયા, જીત્યો છું સટ્ટામાંથી;
કપટલાલ કાવતરાંખોરે, કાઢયાં દસ ટોપીમાંથી.

ચોથા જણની તપાસ કરતાં, મુદ્દલ કંઇ ન મળે પાસે;
છેવટ હારી જશે એટલે, લીલામ બૈરીનું થાશે.

બહાદૂર બિલ્ડીંગ પાંચ માળપર, જુગાર રમવાને બેઠાં;
અવાજ કાને પડયો એટલે, સીપાઈ ત્રણ આવ્યા હેઠાં.

દેખો દેખો દોલતખાં, કયા અવાજ હાંપર આતા હય;
જુગારીયોંકા ખેલ હોયગા, બેશક માલુમ પડતા હય.

દરિયાંખાંએ બધા દોસ્તને, મુસ્કે ટાટ લીધા બાંધી;
પૈસા ટક્કા કબ્જ કરીને, કયાટ ઉપર મેલી કાંડી.

નવ્હરા મ્હણુતો નવરિલાકી, ખર સાંગ તુ કોણાચ્યી;
હમ અસેલ તર આહે તુઝીમી, નસેલ તર મગ દુસર્યાચી.

બાપ કહે છે જુવો છોકરાં, જુગારીયોની આ ટોળી;
આ અવાજ ઉપરથી બીજા, પંદર જણ આવ્યા દોડી.

વાટે જાતાં વટે માર્ગુએ, ઐચીને પુછે છે શું;
ત્રણ પુરૂષ સાથે છે તારી, તે પૈકી કોની છે તું.

નીચું મોઢું કરી બીચારી, રસ્તામાં રડવા લાગી;
ઉત્કૃટ મારની આ અબળાએ, પ્રાણ તુરત દિધાં ત્યાગી.

જામીન લીધા ચાર જણાના, લાજ આબરૂ પણ ખોઇ;
બેડી નાખી બટનલાલને, લોક રહ્યા સામું જોઇ.

બટનલાલની આ કીરતી, જન મંડળમાં જાહેર થઇ;
વેપારી જપતી લઇ આવ્યા, દુકાનની પણ લાજ ગઇ.

ત્રીજોરીયોના માલીક થઇને, જુગારીયો સાથે રમશે;
વીસ લાખની દોલતમાંથી, પાંચ લાખ ભાગ્યે રહેશે.

ડાહ્યો છે ડાહ્યો છે કહીને, રૂધીર પીયે છે સૌ તારૂં;
મુરખ મનમાં નથી સમજતો, શું દુનીયામાં છે મારૂં.

ખ્યાલ કવાલી અજબ રંગના, કહો ભાઇ તે કયાં મળશે;
સોલ અંક સંપૂર્ણ તણા, રચનાર કવી ભાગલીયા છે.

તેજસ્વિ તારૂણી.

યાને

મુંબઇનો મશ્કરો ખ્યાલ ૧૭.

શું ચટકો લાગ્યો છે તમને, નીત્ય ઉઠી જાવું બહારે;
હું અહિંયાં શું રહું એકલી, એજ પુછવું છે મારે.

વેપારિયોની સોબત મુકી, હરામીયો સાથે ફરવું;
એમાંથી શું ઠીક થશે કે, તે વિચાર પહેલે કરવું.

મુંબઇમાં આવ્યો છું ત્યાંથી, પાપ નડયા મુજને વહાલી;
રકમ બંધ પૈસો આવે, તે છતાં રહે ખીશા ખાલી.

મુવા પીઠીયા જા અહિંયાંથી; બેન મરિગઇ શું તારી;
ગાળ સાંખવી પડે અહરનીશ, ખોડ જાય છે કયાં મારી.

દષ્ટિથી હું પાપ કરૂં છું, વખતે જો જાશે ફુટી;
મારગમાંથી પડિસ ગટરમાં, જશે લોક મુજને લુંટી.

ઈશ્વર પાસે જઇસ તેવારે, શું તેવણ છોડી દેશે;
ગુન્હેગાર જાણીને મુજને, શીક્ષા ચાર ગણી કરશે.

ખોટા કર્મ કરોછો પોતે, જયાં ત્યાં સળગી ઉઠે છે;
હાય મુઠો કહીને મુખમાંથી, શીર પોતાનું કુટે છે.

કયાં કુદરતકી ખૂબી દેખો, જૈન પાપ યહુ કરતે હય;
અનાજ ખાનેકુ નહિં મીલતા, ઝુર ઝુરકે સબ મરતે હય.

છક્કે પંજે કે પીછે યહુ, નવા અંક ભાગલીઓકા;
તરેહવાર સબ બને હુવે, કયા હુકમ દેખસો માલીકકા.

કવાલી.

અરે જોશી જરા જોની, અમારા કર્મ છે કેવા,
રહુંછું રાતને દહાડી, બહયા પીટયાજ આ હેવા.

જુવોને હાથ આ મારો, ઝંખુ દિન રાત હું પ્યારો,
મળે કયાંથી કહો તેવા, અમારા કર્મ છે કેવા,

તમો આવ્યા ભલે ભાઈ, બતાવો માર્ગ સુખદાઇ,
કરિશ હું આપની સેવા, અમારા કર્મ છે કેવા.

કહે જોશી અલી બાઈ, તમારી ભૂલ સપડાઇ,
વીધીના અંક છે એવા, અમારા કર્મ છે કેવા.

સુખે જયરામ ભજ તેને, વરિછે રાધીકા જેને;
મીઠાં છે શેરડી જેવા, અમારા કર્મ છે કેવા.

ઈશ્કી ટટ્ટુ.

યાને

ફુલ ડ્રેસની હોશીયારી ખ્યાલ. ૧૮

ધર્મ ગયો ડુબી જગમાંથી, હવે રહી આશા શાની;
બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય વગેરે, એક સરિખાં સૌ પ્રાણી.

કેશ રૂપાળા થયાં એટલે, મુખ દર્પણમાં ભાળે છે;
હજામની ખુરસીપર બેસી, પુન્ય પોતાના બાળે છે.

હતાં એજ કપડાંકે બીજાં, સોગંદ દઈ પુછો એને;
નહીંતો બૈરી મરિ જવાની, એમ કહો મુખથી તેને.
બાપ મુવો તો મરિ જવાદો, બૈરિ તો કાયમ છેને;
ખુશી થશું દેખીને મોઢું, વિચાર ઉપજયા છે જેને.
હજામના અડકેલા છાંટા, સૌ કપડાપર ઉડે છે;
જમવા આવ્યો ઘેર એટલે, ત્રણ ત્રણ ગજ ત્યાં કુદે છે.
કેમ અહી છે વાર કેટલી, રસોઇને સાચું કહેની;
ટાઈમ લેટ થઈ ગયો અમારો; પીરસી તું મુંજને દેની.

જલથી મોઢું સાફ કરીને, ભાણા પર જમવા બેઠાં;
કુક્કર જેવા આ લોકોને, કપડા શું નડશે એઠાં.

પછી ખાવા ગયો એટલે, ઢેડાએ ધક્કો માર્યો;
બાટી છે ધાટી છે કહિને, આગળ પર વધતો ચાલ્યો.

વાત કરે છે સફાઈની પણ, ચપટી ધૂળ ભરો મોંમા;
ભુંડણના પેટે જનમેલા, રાંક બનીને તું રોમાં.
સ્નાન કરો કાશીમે જાકે, પ્રયાગમે કછું પુન્ય કરો;
જમુના પાન કરો મથુરાંમે, પીછે હ્યાં પર પાંઉ ધરો.
ચલા જાયગા નંગા હોકે, વહાંપરભી એસી જુતી;
ભાગલીચોંકા કહેના માનો, એહિ હમાંરી હય ડયુટી.

કવાલી.

અજાયબ આ બધાં ખેલો, જોવામાં આજ આવે છે;
પોતાના બાપદાદાની, લોકો લજયા ગુમાવે છે.
પહેરો મલમલ તણી ધોતી, સ્રીયો જયાં ત્યાં રહે રોતી;
ચુલામાં આગના વાંધા, જોવામાં આજ આવે છે.
પ્રથમ ગાયો તણા દરશન, કરી લોકો થતાં પરસન;
તેના બદલે જબ્બર ઘોડા, જોવામાં આજ આવે છે.
ઉછીના લઇ જતાં રૂપીયા, આપ્યા કેડે થતાં સુખીયા;
દાનત ખોટી કરે તેવા, જોવામાં આજ આવે છે.
વરસ ચાલીસનું દેણું, ચુકવતાં છોકરા તેનું.
હાથે લઇને બુડવનારા, જોવામાં આજ આવે છે.
લાખો રૂપીયા છતાં પાગલ, દિઠાં કોઇએ હતાં આગલ;
પોતાનું પેટ ભરનારા, જોવામાં આજ આવે છે.
જેવી દાનત તેવી બરકત, કરિશા જયરામ નહિં હરકત;
ઉંધે માથે લટકનારા, જોવામાં આજ આવે છે.

તાબેદારનો તમાસો.

યાને

હલકા નોકરની હલ્લાકી ૧૯.

મહેતો મેહેતાણીને કહે છે–કવાલી.

મજુરી સખ્ત છે મારી, છતાં પુરૂં નથી પડતું;
મંડયો છું રાતને દહાડી, છતાં પુરૂં નથી પડતું.
અભાગી શેઠ છે મારો, ગરિબની વાત કરનારો;
રૂપૈયા વિસ આપે છે, છતાંપુરૂં નથી પડતું.
કદર મુદ્દલ નથી કરતો, વળી જયાં ત્યાં દિસે ફરતો;
ખાદિના વસ્ત્ર પહેરૂં છું, છતાં પુરૂં નથી પડતું.
તું પણ તેવીજ છો પ્યારી, ગયો અમથો નથી હારી;
પરોણો એક જો આવે, છતાં પુરૂં નથી પડતું.
કથન કરતો નથી હમણાં, કરિશ નુકશાન તું બમણાં;
સબુરીના ફળો મીઠાં, છતાં પુરૂં નથી પડતું.
નગર મુંબઈ તણાવાસી, રૂપૈયાથી ગયા ત્રાસી;
કમાવે છે બસો લગભગ, છતાં પુરૂં નથી પડતું.
સ્વતંત્ર વર્ગ છે સુખીયા, બીજા જાણો બધા દુ:ખીયા;
લખી જયરામ બતલાવે, છતાં પુરૂં નથી પડતું.

શેઠ નોકરને કહે છે-કવાલી ૨.

ફેરવશો જો કદી માથું, રજા આપીશ હું તમને;
તમો ભાગી જશો તેની, કશી પરવા નથી અમને.
ઉંઘી ઉંઘી તમો આવો, બીડી પીવા પછી ધાવો;
વાગ્યા દસ કે જવું જમવા, રજા આપીશ હું તમને.
ફરિ બે વાગશે જયારે, રખડતાં આવશો ત્યારે;
એવું અમને નહિં ચાલે, રજા આપીશ હું તમને.
કલમ પણ ક્યાં તમો નાખી, જુવો આ દોતમાં માખી;
ન જાણું છો તમો કેવા, રજા આપીશ હું તમને.
શેઠાણી જાય છે તે ક્યાં, પુછી આવો તમો જઇ ત્યાં;
ખુલાસો તુર્ત લઈ આવો, રજા આપીશ હું તમને.
શેઠાણી જો પેલી આવી, મંગાવે છે દેખું ચાવી;
નવા ઘડીઆલ પર ટાંગી, રજા આપીશ હું તમને.
દિવાળીના દિવસ આવ્યા, નવિન રંગો નથી લાવ્યા;
ફજેતી થાય છે મારી, રજા આપીશ હું તમને.
અમો છું શેઠીયા કેવા, સવારથ સાધીયે તેવા;
નોકરની દાદ નવ લઈએ, રજા આપીશ હું તમને.
ઝાડું કાઢી તમો નાંખો, બીછાના પણ કરી રાખો;
ભાગલીયા શું કહે છે જો, રજા આપીશ હું તમને.

કચ્છી કાવ્ય.

યાને

વિયોગી સ્ત્રી.

રાગ ડેઉચે આઉં ન છડીયાં તલવાર.

આઉં દુ:ખી અઇંઆં દિલદાર,
દુ:ખી અઇંઆં દિલદાર, સાંઇઆં મુંજો બેડો લગાય ક પાર. ટેક.
નિંઢપણુમેં માં મરિ સુતિને, પેએ પણ આય લાચાર. આઉં.
જીવ જોરાઇંએં કઢી વિઝાંડી, જમ ડીયન જોડંઝી માર. આઉં.
સારેંમેં પણ નાય ડીંધલ કોય, માનીઓ કીડતાર. આઉં.
ઉપાય મુંઝા મીળે થકાઆંઉ, મુઇસ હાણેં તાં ઠાર. આઉં.
જયરામ ચએ મુંઝા પ્રાણ વલ્લભ, તોઝી લીલા અપરંમપાર. આઉં.

ઇશ્વર પાસેથી માગેલી મદદ.

રાગ કચ્છી કારી.

વાલીડા મુંઝી વારે ચઢીને અચો,
અઇંઆં અપરાધી તોઝોની સચો, વાલીડા મુંઝી વારે ચઢીને અચો.
કર્મ કુડા જીઝી મુંક્યા હુધા, તેંઝો મીડંધો કયાંથી તાંપતો. વાલીડા.

સુખમેં સઙચારો આય મીણીઞો, પણ દુઃખઞો બેલી ન બચો.
વાલીડા.
પાપેઝી શીક્ષા ડીણમેં મુંઝાનાથ, નઈએં તુંતાં કીં કચો. વાલીડા.
જયરામ ચએ આઉં સરણે થીયાંતો, મનમેં ફુલાયતા પચો. વાલીડા.

ઈશ્વરે આપેલી ભક્તાને સાબાસી.

રાગ ઉપર પ્રમાણે.

જીવલડા આઉં વિસરિવિના કીં તોકે,
વિસરિ વિના કીં તોકે, જીવલડા આઉં વિસરિ વિના કીં તોકે.
ફિરંધે ફિરંધે મુંઞો નાલો ગીનેતો. તું મનઞો મંધીયડો રોકે.
જીવલડા.
પંઢઞા નીયમ મીળે સાચવિયે તોહી. સરિર ભલેંતો સુકે. જીવલડા.
પ્રેમ તોઞો આઉં ઠીક ડીસાંતો, દુનીયાંમેં રોતું સુખે. જીવલડા.
જયરામ ગુણ નીત્ય ગાય મુંઝાતો, ન્યારો કથપણ ઇ કીંયતો ચુકે.
જીવલડા.

વેંધીરો હ્યાનું.

તોઝો.

કી કમ નાંય. ૨૧.

કચ્છી કવાલી.

લગો આંસે મુંઝો નેડો, રખડુંધી કો છડે ડયોતા;
વીચારેને ઝરા નાર્યો, રખડુંધી કો છડે ડયોતા.

દેખાડયો ઓડકે આપણ, ખવાણી આયકી થાપણ;
ગરિબ ઘરાણી અઈઆં બેટી, રખડુંધી કો છડે ડયોતા.

અગરઝો પાપ હી નડુંધા, વધર મોતે કિતક મરુંધા;
સુણોતાં ગાલ હી મુંજી, રખડુંધી કો છડે ડયોતા.

અસી ઝેડયું અઇંયું તેડયું, કરજ આંઝો, વિઠા ફેડયું;
વિયાણી નાંય માં કેઝી, રખડુંધી કો છડે ડયોતા.

નતાં ખ્યોં દુધ ધી સક્કર, નતા માર્યું કીતે ચક્કર;
ભીગાડયું કી નતા આંઝો, રખડુંધી કો છડે ડયોતા.

સુંવાળી આય કેર એડી, ભજન આંઝો કરે તેડી;
દયા કિ 'તાં ઝરા આણયો, રખડુંધી કો છડે ડયોતા.

વિચાડો પે મુંઝો ભોરો, ડીસી આંકે વઠે ઘોડયો;
મીઠેવાણી મુંઝી બાઇ, રખડુંધી કો છડે ડયોતા.

અરેઅર આય હી અરજી, ખરિ સાહેબજી મરજી;
જોશી જીકે પુછી ન્યાર્યો, રખડેંધી કો છડે ડપોતા.

કવાલી.

કસુંબો લાલ પહેરેને, સીધી વાટે સટકધીંસે;
દર્શણ જો નાં ગીની આઉં, સીધી વાટે સટકધીંસે.
બીઉ કોઇ માર્ગમેં માડુ, ભલે કઢંધો હુવે ઝાડુ;
પસંદ અચ્યો કદી મનકે, સીધી વાટે સટકધીંસે.
રખું મુદ્દલ નતાં ખટકો, પેની પગઝો કર્યું લટકો;
પછાડે બ્રહ્મચારીકે સીધી વાટે સટકધીંસે.
વિચારા કૈકતાં વાંઢા, ડીસીને પોનતા માંથા;
ગીનીને જીવ કૈકેઝાં, સીધી વાટે સટકધીંસે.
પસંદ કરીયું અસી જેંકે કરેડયું ન્યાલ પણ તેંકે;
ઇચ્છા પૂરણ કરે ડઇને, સીધી વાટે સટકધીંસે.
સુણીને હી અજબ લીલા, રખે મનઝા થીયા ઢીલા;
ભાગલીઅેં કે કુરો સુતક, સીધી વાટે સટકધીંસે.

જંગલની જડી બુટ્ટી.

યાને

વૈરાગ્યનો અરિસો—ખ્યાલ. ૨૨.

ઇશ્વરની છે પાસ અંધારૂં, એમ અહ્યા તું લેખે છે;
પણ તેતો સૌ કર્મ તમારા, ગુપ્ત નજરથી દેખે છે.

પ્રજા હાલની નવી જુવો તો અધમ કૃત્ય આચરનારી;
છેતરવું આદી કર્મોથી, દ્રવ્ય પરાયું હરનારી.

પુસ્કળ મોહ અને મમતા પણ, મુખનું નૂર ઉતારે છે;
જે વસ્તુપર ઘણો પ્રેમ તે, કુદરત નાશ પમાડે છે.

વૃદ્ધ થયા તે છતાં વિષયપર હજુ, બહી દેખુ મમતા;
કુલીન સ્ત્રીપોનો ત્યાગ કરિને, ઠેક ઠેકાણે છો ભમતા.

ત્રણ કલાકથી વાટ જોઉં છું, ગઇતી રાંડ કહીદે ક્યાં;
નહિં તો તારી આ જોડાથી, મુંડ રંગી નાખું છું હ્યાં.

સ્ત્રીયે કહ્યું કે જા જા મૂરખ, મારનાર સૌ મરિ ગયા;
લક્ષણ હું જાણું છું તારા, રખે જતો ભુલીને ક્યાં.

પરમેશ્વરની પૂર્ણ કૃપાથી, બુદ્ધી પ્રાપ્ત થઇ જયારે;
ભાગલીયાએ સર્વ હકીકત, લખી બતાવી છે ત્યારે.

ઉત્તર, કવાલી.

મલી ઉસ્તાદ તુ મુજને, બચ્યો તેથીજ હું પ્યારી;
નહીં તો ધર્મનાં સોગંદ, ન મુકત પારકી નારી.
પીતા કાયમ હુતા જયારે, રખડતો હું હુતો બહારે;
ખોટી આદત પડી મુજને, કીધી પૈસા તણી ખ્વારી.
ગયાતા રાંડ લઇ ભાગી, ઠોકર કેવી જુવો લાગી;
મને મળતી નથી મુદ્દલ, વરસમાં એક બી સાડી.
હોટલમાં સર્વ કોઇપેઠા, પાણી પીવા મંડયા એઠાં;
ગંગા જમુના સોડાવાટર, લીંબુ લાગ્યા સુખાકારી.
ભંગી ને ઢેડ અલબેલા, મારે છે લોકને ઠેલા;
વગર નાહ્યા ઘુસે ઘરમાં, વટલવાની બધી પાલી.
અલી રહી જા હવે છાની, વચન મારૂં જરા માની;
બતાવ્યો તેં મુને રસ્તો, હું પણ એથી ગયો હારી.
બાત્રીસે અંક છે કેવા, અમુલ્ય રત્નની જેવા;
કહે જયરામ સૌ વાંચો, ભલામણ એજ છે મારી.

સમાપ્ત.

મંગાવો ! મંગાવો ! ! મંગાવો !

જમાનાનો જલસો.

કવાલી.

કુલે બાવિસ અંકોની, અનેરી બુક છે આપી;
અમારી પાસમાં પેપર, હવે મુદ્દત નથી બાકી.
કવિતાનાં બધા કાગળ, વાંચ્યા છે જે તમે આગળ;
સમાવ્યા સર્વ છે એમાં, મણાં કંઇ પણ નથી રાખી.
કદર જે જાણશે એની, બલા સૌ દૂર છે તેની;
જમાનાની બધી લીલા, તણા રસને જુવો ચાખી.
ખરાકે સર્વની ખાતર, અનેરી બુક છે ખાતર;
તજીને હૈ જવા લોકો, રહ્યા છે સર્વ કોઇ તાકી.
સાચું સોનું નહિં કસતાં, નકામું ચમકી રખે ડરતાં;
કહે જયરામ વાંચીથી, ખબર પડશે બધી પાછી

કવી ભાગવીઆ ઠક્કર માંડવીવાળા.